# સ્પોર્ટ્સઓથોરીટીઓફગુજરાત-ગાંધીનગર


જિલ્લા રમત વિકાસ અધિકારી વલસાડ

જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર વલસાડ ૩૫, પિતૃ સદન બંગ્લોઝ

રણછોડજી નગર,હીરો શો રૂમનાં પાછળ,ધરમપુર રોડ વલસાડ

ઈમેલ એડ્રેસ-dsdo-valsd@gujarat.gov.in/dso-syc-val@gujarat.gov.in


જા.નં.ડી.એસ.સી.સી./વલસાડ/૧૧૫ થી ૧૬૯/૨૦૨૫-૨૬ તા.૧૭/૦૧/૨૦૨૬

પ્રતિ
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
ગુજરાત રાજય તમામ

વિષય:- ખેલમહાકુંભ-૨૦૨૫અંતર્ગત રાજયકક્ષાની ઓપન વયજૂથ / અબવ-૪૦ ભાઈઓની શુટીંગબોલ રમત સ્પર્ધાનો કાર્યક્રમ મોકલવા બાબત.

સંદર્ભ:- ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના પત્ર ક્રમાંક- એસ.એ.જી/ખે.મ.કું.૨૦૨૫-૨૬તા.૨૪/૧૨/૨૦૨૫ અન્વયે.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અનુસંધાને જણાવવાનું કે, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,વલસાડ દ્વારા આયોજીત ખેલમહાકુંભ અંતર્ગત ૨૦૨૫ રાજ્યકક્ષા શુટીંગબોલ ઓપન એજ અને અબવ ૪૦ ભાઈઓની સ્પર્ધાનું આયોજન નગરપાલિકા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, તા.વલસાડ, જિ.વલસાડ ખાતે કરવામાં આવનાર છે. જે અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે. જે અંગેની આપના જિલ્લાની શુટીંગબોલ રમતમાં રાજયકક્ષા માટે પસંદગી પામેલ ટીમને જાણ કરી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ KMK ID વાળી એન્ટ્રી તા.૨૩/૦૧/૨૦૨૬ સુધીમાં dsdo-valsad@gujarat.gov.in અને dso-syc-val@gujarat.gov.in ઉપર મેઈલ કરી અચુક મોકલી આપવી તેમજ જિલ્લાની ટીમો ને ભાગ લેવા બાબત ની જાણ કરવા વિનંતી.

### -::-રાજયકક્ષા શુટીંગબોલ ભાઈઓ સ્પર્ધાનો કાર્યક્રમ -::-

* સ્પર્ધા તારીખ- ૨૭/૦૧/૨૦૨૬અને તા.૩૦/૦૧/૨૦૨૬
* સ્પર્ધા અને રિપોર્ટીંગ સ્થળ:- નગરપાલિકા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, તા.વલસાડ, જિ.વલસાડ
* સંપર્ક:- નિકિતા બારોટ (મો.ન.૮૧૨૮૭૩૧૮૨૫)
  સેજલ મજીગામકર (મો.ન.૮૮૬૬૧૩૪૮૩૦)

**નોધ- દરેક ટીમએ નીકળતા પહેલા ઉપર આપેલ નંબર પર સંપર્ક કરીને આવવું.**

### -::- રિપોર્ટીંગ તારીખ અને સમય -::-

| ક્રમ | વય જુથ | રિપોર્ટીંગ તારીખ/સમય | સ્પર્ધા તારીખ | સ્પર્ધા શરૂ થવાનો સમય |
|---|---|---|---|---|
| ૧ | ઓપન એજ ગ્રુપ ભાઈઓ | તા.૨૭/૦૧/૨૦૨૬ બપોરે-૦૩:૦૦ કલાકે | તા.૨૭/૦૧/૨૦૨૬ અને તા.૨૮/૦૧/૨૦૨૬ | સાંજે-૦૫:૦૦ કલાકે |
| ૨ | અબવ-૪૦ ભાઈઓ | તા.૨૮/૦૧/૨૦૨૬ બપોરે-૦૩:૦૦ કલાકે | તા.૨૮/૦૧/૨૦૨૬ અને તા.૨૯/૦૧/૨૦૨૬ | સાંજે-૦૫:૦૦ કલાકે |

અગત્યની સૂચનાઓ:-

૧) ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઈન રજીસ્ટ્રેશન KMK ID વાળી પહોચ ફરજીયાત સાથે લાવવાની રહેશે.

૨) સ્પર્ધાના દરેક ખેલાડીઓએ એલીજીબીલીટી ફોર્મમાં ફોટા સાથે પોતાના જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી/ જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહી-સિક્કા કરાવી લાવવાના રહેશે.

૩) ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.

૪) ભાગ લેનાર ખેલાડીઓએ ફરજીયાત આધાર કાર્ડ સાથે લાવવાના રહેશે.

૫) શુટિંગબોલ રમતમાં વયજૂથ મુજબ ૧૦ ખેલાડીઓ + ૧ કોચ - ૧ મેનેજર મોકલવાના રહેશે.

૬) ખેલ મહાકુંભ ૨૦૨૫માં ભાગ લેવા આવનાર ખેલાડીઓ, કોચીઝ અને મેનેજરશ્રીઓ પોતાની બેંક ખાતાની વિગત સાથે લાવવાની રહેશે. તમામ ભાગ લીધેલ ખેલાડીઓ, કોચીઝ અને મેનેજરશ્રીઓનો પ્રવાસ ખર્ચ મુસાફરી ટીકીટ રજૂ કરેથી સરકારી ધારા ધોરણ મુજબ RTGS દ્વારા ચૂકવવામાં આવશે.

૭) પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે અને કોઈપણ ફેરફાર હોય તો જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી/જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહી સિક્કા સાથેની એન્ટ્રી સાથે લાવવાની રહેશે.

૮) એન્ટ્રીમાં ફરજીયાત કોચ/મેનેજરનો નામ અને સંપર્ક નંબર લખવાનો રહેશે.

૯) સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત છે.

૧૦) આપના જિલ્લામાંથી આવનાર કોચ, મેનેજર અને ખેલાડીઓએ ફરજીયાત સરકારી બસ, ટ્રેન અથવા સરકારી વાહનમાં મુસાફરી કરીને જ સ્પર્ધા સ્થળ પર પહોંચવાનું રહેશે. જો કોચ, મેનેજર અને ખેલાડીઓએ સરકારી બસ, ટ્રેન અથવા સરકારી વાહનમાં મુસાફરી ના કરી હોય તો તેવા કિસ્સામાં પ્રવાસખર્ચ ચૂકવવામાં આવશે નહીં.

૧૧) જિલ્લામાંથી આવતા તમામ ખેલાડીઓ, કોચીઝ અને મેનજર સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિને સાથે લાવવાનો રહેશે નહિ.

૧૨) આ સ્પર્ધા શુટિંગબોલ એસોસીએશનના નીતીનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.

૧૩) સ્પર્ધા સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.

૧૪) સ્પર્ધા દરમ્યાન જો કોઈપણ પ્રકારની ઈજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે.

૧૫) ખેલ મહાકુંભ ૨૦૨૫ ના પરીપત્રમાં દર્શાવ્યા મુજબના નિયમો ધ્યાને લેવાના રહેશે.

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
વલસાડ

જિલ્લા રમતગમત અધિકારીશ્રી
વલસાડ

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

૧) માન. અગ્રસચિવશ્રી, રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર.

૨) માન.ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.

૨) માન. જિલ્લા ક્લેક્ટરશ્રી, કલેક્ટરશ્રીની કચેરી, વલસાડ.

૩) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, વલસાડ.

૪) માન. પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ.

૫) માન. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.

૬) મુખ્ય કોચશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.

૭)માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી , વલસાડ

૮)માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ,વલસાડ.

૯) જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી, વલસાડ (સ્પર્ધા સ્થળે ૧૦૮ તેમજ જરૂરી મેડીકલ ટીમની વ્યવસ્થા કરવા સારૂ.)

૧૦) નાયબ માહિતી નિયામકશ્રી, માહિતી વિભાગ, વલસાડ (વિના મુલ્યે બહોળી પ્રસિદ્ધિ અર્થે આપવા વિનંતી)

૧૧) પ્રમુક /મંત્રીશ્રી ગુજરાત રાજયશુટિંગબોલ,એસોસીએશન,ગુજરાત,(પંચોની વ્યવસ્થા સારૂ.)